# બ્લૅક હોલ

હું હવે કંઈ નથી બોલતો,
શબ્દથી એ મને તોળતો.

છે ચરુ, ક્યાંક પેટાળમાં,
રોજ હું જાતને ખોદતો.

હું મથું સહેજ મોટો થવા,
ત્યાં અરીસો મને રોકતો.

બંધ જેને મળ્યાં બારણાં,
અંતમાં બારીઓ ફોડતો.

જોઈતું ના મળે એ પછી,
એ ખુદાને બધે શોધતો.

■

જેમ વ્હિસ્કીમાં બરફ નાખો ’ને કંઈ જાદુ ભળે,
એક જણ આવી મને એવી રીતે લાગ્યું ગળે!

આવજો કહેવાની આદત ગઈ નહીં મારી કદી,
દુઃખ હું જેવો હલાવું હાથ ત્યાં પાછું વળે.

કોઈને પણ હું મળું, તો આંખ મીંચું બે ઘડી,
હોય છે એવાય લોકો જે દુઆ માફક ફળે.

આપણે લાવ્યાં ખરીદી ’ને પચાવી પણ ગયાં,
’ને ઉગાડયું જેમણે તેઓ જ ભૂખે ટળવળે.

છેવટે તેઓય સ્વાહા થઈ ગયા’તા આગમાં,
જે મજા લેતા હતા જ્યારે બીજાનાં ઘર બળે.

ફેરવીને મોં ભિખારીથી ગયા મંદિર સુધી,
પૂછતાં મૂર્તિને કે, “ઈશ્વર તું શાથી ના મળે?”

એ બીજું કંઈ પણ હશે, પણ ના અણી કે ના ટણી,
હો કલમ તો કોઈની આગળ કદી પણ એ લળે?

શું મજૂરોને નિયમ વિજ્ઞાનનાં ના લાગતાં?
હોય પરસેવે ભીનાં ’ને તોય એ કાયમ બળે!

■

હાથથી તારા જરા છૂટી ગયો,
ગ્લાસ માફક હું પડ્યો, તૂટી ગયો.

તેંય ભીતર જઈ, નીકળવા જીદ કરી,
હુંય પરપોટો બની ફૂટી ગયો.

સંઘર્યું નહિ એટલે વહેંચી શક્યો,
તું ખરો ભેગું કરી ખૂટી ગયો!

એ હતું નિશ્ચિત, હસુ છું એટલે,
મેં બચાવ્યો, એ મને કૂટી ગયો!

ક્રૉસ તો પાસે જ રાખું છું, ઈસુ!
એકદા લટક્યો તો તું છૂટી ગયો?

■

જાત જેવું કોઈને પણ ચાહવાનું!
એટલે કે ક્રૉસ લઈને ચાલવાનું.

થઈ ગયો તેથી જ 'છું'માંથી 'હતો' હું,
ક્યાં સુધી હોવાપણાંને ધારવાનું?

સૌ સમય આવ્યે જ મળતું હોય છે, પણ,
રાહ જોતા આયખું આ કાઢવાનું?

બહારનાં તોફાન બસ વશમાં નથી અહિં,
રોજ રુદન ભીતરે તો ખાળવાનું.

નિયતિ, પક્ષપાત કરતી મૉનિટર તું,
ફક્ત મારું ધ્યાન તારે રાખવાનું?

■

પથ્થરો વચ્ચે ભટકવાનું અહીં,
તોય તરસ્યાં રહી વરસવાનું અહીં.

આપણે ઝુમ્મર ભલે બન્યાં નહીં,
આગિયા થઈને ચમકવાનું અહીં.

ગાળિયો બાંધી, ઊંચકશે પણ જગત,
એ પછી જાતે લટકવાનું અહીં!

જિંદગી છે! કંઈ બધાને ના ફળે,
એ જ જીવનભર સમજવાનું અહીં!

જીવતાજીવે ન કોઈ સાથ દે,
તો ચિતા પર ખુદ સળગવાનું અહીં.

આંસુઓ ખૂટી ગયા'તાં ત્યારથી,
હોઠ શીખ્યા છે મરકવાનું અહીં.

ઈસને સોને મળ્યો છે ક્રૉસ પર.
બસ હવે! કાયમ લટકવાનું અહીં.

■